eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 326
September 14, 2012

## સીટી મેનેજર એસોસિએશન,ગુજરાતના ઉપક્રમે અર્બન પ્લાનીંગ મેનેજમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ ઓફ ગર્વમેન્ટ ઓફ કર્ણાટકના ૨૫ સભ્યોઓનું ગ્રુપ સુરત મહાનગરપાલિકાને મુલાકાતે



સીટી મેનેજર એસોસિએશન,ગુજરાતના ઉપક્રમે અર્બન પ્લાનીંગ મેનેજમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ ઓફ ગર્વમેન્ટ ઓફ કર્ણાટકના ૨૫ સભ્યોઓનું ગ્રુપ ગુજરાત રાજયના પ્રવાસ દરમ્યાન તા.૦૭–૦૯–૨૦૧૨ ના રોજ સુરત મહાનગરપાલિકાના ખજોદ ડીસ્પોઝલ સાઈટ, આંજણા બાયોગેસ પ્લાન્ટ, બમરોલી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ



ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૦૮/૦૯/૨૦૧૨ના રોજ ઉધના શહેરી આરોગ્ય કેન્દ્ર, જોગાણીમાતાના મંદિર પાસે, ઉધના,સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે ઓગષ્ટ ૨૦૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે ઓગષ્ટ ૨૦૧૨ દરમ્યાન ૪૫૮૫ ઈન્ડોર તથા ૩૭૫૮૬ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૭૬૬ તથા ૫૮૮ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૯૦૪૮ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## કતલખાના બંધ રાખવા અંગેની જાહેર સુચના

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે નામદાર સુપ્રિમ કોર્ટના તા.૧૧–૦૩–૨૦૦૮ ના ચુકાદા તેમજ સ્થાયી સમિતિના ઠરાવ નં.૯૪૭/૨૦૦૮, તા.૨૬–૦૬–૨૦૦૮થી વિદિત થઈ, જૈન પર્યુષણ પર્વ નિમિત્તે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત ...

વધુ માટે કલીક કરો >>>>>>

# સીટી મેનેજર એસોસિએશન,ગુજરાતના ઉપક્રમે અર્બન પ્લાનીંગ મેનેજમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ ઓફ ગર્વમેન્ટ ઓફ કર્ણાટકના ૨૫ સભ્યોઓનું ગ્રુપ સુરત મહાનગરપાલિકાને મુલાકાતે



સીટી મેનેજર એસોસિએશન,ગુજરાતના ઉપક્રમે અર્બન પ્લાનીંગ મેનેજમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ ઓફ ગર્વમેન્ટ ઓફ કર્ણાટકના ૨૫ સભ્યોઓનું ગ્રુપ ગુજરાત રાજયના પ્રવાસ દરમ્યાન તા.૦૭–૦૯–૨૦૧૨ ના રોજ સુરત મહાનગરપાલિકાના ખજોદ ડીસ્પોઝલ સાઈટ, આંજણા બાયોગેસ પ્લાન્ટ, બમરોલી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા મહાનગરપાલિકાની કાર્યપધ્ધતિ નિહાળવા મુલાકાત લીધી હતી.

શહેરના વિવિધ પ્રોજેકટની મુલાકાત લઈ કમિશ્નરશ્રી એમ.કે.દાસ તથા વિવિધ વિભાગના વિભાગીય વડાશ્રીઓ સાથે બપોરે ૧૨.૩૦ કલાકે જુના સ્થાયી સમિતિ ખંડમાં મીટીંગ રાખવામાં આવી હતી. મીટીંગ દરમ્યાન ટાઉન પ્લાનર (બી) શ્રી ડી.એન.બસાક ધ્વારા મ.ન.પા.નાં વિકાસ અંગેનું પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું. જેમાં શહેરની સુખાકારી તથા વિવિધ સેવાઓ જેવી કે પાણી, ડ્રેનેજની સુવિધા અંગે, બીઆરટીએસ,ફલાય ઓવર બ્રિજ, નાઈટ સ્કેપીંગ,બ્રશીંગ ધ્વારા કચરાનો નિકાલ અંગે ડીસ્પોઝલ પ્લાન્ટ તથા શિક્ષણ, મેડીકલ કોલેજ, રસીકરણ માટેની સુવિધાઓ તથા નગરપ્રાથમિક શાળામાં વિવિધ ભાષામાં શિક્ષણ તથા બાળકોને અપાતી યુનિફોર્મ, બુટ, નોટબુક, કોમ્પ્યુટરની સુવિધા સાથે રાજય સરકારની અક્ષયપાત્ર યોજના હેઠળ જમવાની વ્યવસ્થા બાબતની માહિતી મેળવી સુરત મહાનગરપાલિકાને લગતી વિકાસની કામગીરીની માહિતી મેળવી ખુશી વ્યકત કરી હતી.

આ પ્રસંગે મા.કમિશ્નરશ્રી ધ્વારા કમીશનના સભ્યોનું પુષ્પગુચ્છ તથા મોમેન્ટો અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડે.કમિશનર (ફા.) શ્રી શરદભાઈ એન. મહેતા, ડે.કમિશનર (પી. એન્ડ ડી.)શ્રી જે.એમ.પટેલ તથા ઈ.ચા.ડે.કમિશનર (એચ.એન્ડ એચ.)શ્રી ડો.હેમંત એસ. દેસાઈ તથા અન્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૦૮/૦૯/૨૦૧૨ના રોજ ઉધના શહેરી આરોગ્ય કેન્દ્ર, જોગાણીમાતાના મંદિર પાસે, ઉધના,સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડે.મેયર શ્રીમતિવર્ષાબેન રાણા, શાસકપક્ષના નેતા શ્રીદયાશંકર શકલનારાયણસિંહ, રૂગ્ણાલયો, વૈદકિયરાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ અધ્યક્ષ શ્રી અનિલભાઈ પટેલ, કાયદા સમિતિ અધ્યક્ષા કુ.લક્ષ્મીબેન ચોપારે, મ્યુનિ.સદસ્યા શ્રીમતિ કિશોરીબેન કાપડીયા,મ્યુનિ.સદસ્યા શ્રીમતિ રંજનાસિંહ રાજપુત, મ્યુનિ.સદસ્ય શ્રીઅરવિંદભાઈ મારૂ, શ્રી રાજેશભાઈ દેસાઈ, આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ)ડો.હેમંત એસ.દેસાઈ, ઉધનાઝોનનાં કાર્યપાલક ઈજનેર શ્રી ડી.એ.હરપ્લાની, નાયબ આરોગ્ય અધિકારી ડો.દિનેશભાઈ પટેલ, નાયબ આરોગ્ય અધિકારી, આરોગ્ય વિભાગ ડો.કલ્પેશ ખત્રી, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, ઉધના/ઉન શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો ઉધના શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસ વિસ્તારના **કુલ ૬૯૫** લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૯૨, ચામડીના નિષ્ણાત દ્વારા ૧૨૬, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૪૨, બાળરોગ નિષ્ણાત દ્વારા ૭૪, ફિઝીશયન દ્વારા ૧૬૩, સર્જન દ્વારા ૩૦, મેડીકલ ઓફીસર દ્વારા ૧૬૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૪૦ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૨૦૦ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૩૧ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી. ૨૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૪૦૦, ઓરલ પીલ્સ ૧૩૨ પેકેટ,આર્યન ફોલીક ૧૨૬૦ ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૦૫ બાળકને બી.સી.જી., ૧૦ બાળકોને ડીપીટી, ૦૫ બાળકોને ઓરી, ૧૦ બાળકોને હીપેટાઈટીસ બી, ૦૭ બાળકોને ટી.ટી., ૧૫ મધર્સ ટી.ટી., ૨૫ બાળકોને વિટામીન–એ, ૧૫ બાળકોને પોલીયોની રસી આપવામાં આવી હતી તથા ૨૫૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નર શ્રીએમ.કે.દાસના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ)ડો.હેમંત એસ.દેસાઈ ના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

TOP

## માહે ઓગષ્ટ ૨૦૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે ઓગષ્ટ ૨૦૧૨ દરમ્યાન ૪૫૮૫ ઈન્ડોર તથા ૩૭૫૮૬ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૭૬૬ તથા ૫૮૮ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૯૦૪૮ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૪૪૧ અને જુના ૧૧૯૦ દર્દીઓ સહીત કુલ ૧૬૩૧ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૨૩૩ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૨૮૩ તથા આંખ વિભાગમાં ૨૫૦૯ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૬૨૧૧ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## કતલખાના બંધ રાખવા અંગેની જાહેર સુચના

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે નામદાર સુપ્રિમ કોર્ટના તા.૧૧–૦૩–૨૦૦૮ ના ચુકાદા તેમજ સ્થાયી સમિતિના ઠરાવ નં.૯૪૭/૨૦૦૮, તા.૨૬–૦૬–૨૦૦૮થી વિદિત થઈ, જૈન પર્યુષણ પર્વ નિમિત્તે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અસ્તિત્વ તમામ પશુ વધશાળા/કતલખાનાઓ તા.૧૨–૦૯–૨૦૧૨ થી તા.૧૯–૦૯–૨૦૧૨ સુધી તેમજ અનંત ચતુર્દશી/ગણેશ વિસર્જન યાત્રા યોજાય તે દિને તા.૨૯–૦૯–૨૦૧૨ના રોજ એમ કુલ નવ દિવસો બંધ રહેશે.

TOP